
# આત્મધર્મ

માસિક : વર્ષ-૬ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૧૧



ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં ભગવાન શ્રી કુંદકુંદ મુનિરાજને આચાર્યપદારોહણ

''હું શુદ્ધ છું, રાગ પણ મારું સ્વરૂપ નથી''—એમ એકલી અધ્યાત્મની વાત આવે તે સાંભળવી સારી લાગે અને વૈરાગ્ય ભાવનાઓના શ્રવણ ચિંતનમાં ઉત્સાહ ન આવે તો તે શુષ્ક છે. અંતરસ્વભાવ તરફના જ્ઞાન સાથે વૈરાગ્યભાવનાઓ પણ હોય છે. અંતરનો શુદ્ધસ્વભાવ જેને રુચિમાં આવ્યો તેને પર્યાયમાં રાગ ઘટતાં વૈરાગ્યભાવનાઓ આવે છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ વિષયોંકે લમ્પટી મૂર્ખ લોગોંને ઈસ મનુષ્ય જન્મકો, જિસસે સ્વર્ગ તથા મોક્ષકી સિદ્ધિ કી જા સકતી હૈ, અલ્પ ઈન્દ્રિય સુખકે અર્થ ખોકર અપનેકો તિર્યંચગતિ વ નરકગતિમાં જાનેકે યોગ્ય કર લિયા. ૧૨૪૪.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૧૮)*

❀ અપને પદયોગ્ય માન કરૈ હૈ. રાજવિરુદ્ધ, લોકવિરુદ્ધ, ધર્મવિરુદ્ધ માન નાહીં કરૈ હૈ સો ભી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવકી યોગ્યતા સહિત કરે હૈ. બહુરિ દેવ, ગુરુ ધર્માદિકકે નિકટ અષ્ટ પ્રકાર મદ નાહીં કરે હૈં, ચતુર્વિધસંઘસોં મદ નાહીં કરે હૈ, તહાં નિર્મદ હોય હૈ. બહુરિ અપને પદકે થાંભને વિષૈ માનકરે હૈ, તહાં પ્રાણ જાતા ભી માન નાહીં તજૈ હૈ, બિના પ્રયોજન કિસીકા માનભંગ નાહીં કરે હૈ, કિસીસૂં બિના પ્રયોજન અદેખસકા ભાવ નાહીં રાખૈ ઈત્યાદિ અપ્રત્યાખ્યાન માનભાવ જાનના. ૧૨૪૫. *(શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનું-૬૪)*

❀ હે મહાયશ ! હે મુને ! તૂને પૂર્વોક્ત સબ રોગોંકો પૂર્વભવોમેં તો પરવશ સહે, ઈસ પ્રકાર હી ફિર સહેગા; બહુત કહનેસે ક્યા ? ભાવાર્થ—યહ જીવ પરાધીન હોકર સબ દુઃખ સહતા હૈ. યદિ જ્ઞાનભાવના કરે ઔર દુઃખ આને પર ઉસસે ચલાયમાન ન હો ઈસ તરહ સ્વવશ હોકર સહે તો કર્મકા નાશ કર મુક્ત હો જાવે, ઈસ પ્રકાર જાનના ચાહિયે. ૧૨૪૬. *(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૩૮)*

❀ જેવી રીતે પવનના લાગવાથી અગ્નિ ભભૂકી ઊઠે છે, તેવી રીતે બાર ભાવનાઓનું ચિન્તવન કરવાથી સમતારૂપી સુખ પ્રગટ થાય છે. જ્યારે જીવ આત્મસ્વરૂપને જાણે છે ત્યારે જ જીવ મોક્ષસુખને પ્રાપ્ત કરે છે. ૧૨૪૭.

*(શ્રી દૌલતરામજી, છહઢાળા, ઢાળ-૫, શ્લોક-૨)*

❀ શ્રીગુરુ ગુણોંકા હી ઉપદેશ કરતે હૈં. અપને આત્મજ્ઞાનમઈ સ્વભાવસે વે શુદ્ધ તત્ત્વકા હી ઉપદેશ કરતે હૈં. શ્રીગુરુ આકાશકે સમાન નિર્લેપ વ નિર્મોહી વ નિર્બાધ હૈં. જૈસે સૂર્યકા પ્રકાશ હોતે હી યકાયક અંધકારકા નાશ હો જાતા હૈ વૈસે શ્રીગુરુકે વચનોંકી કિરણાવલીકે પ્રકાશ હોતે હી ભવ્ય જીવોંકે અજ્ઞાન અંધકારકા નાશ હો જાતા હૈ. ૧૨૪૮. (શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક–૧૭)

❀

વર્ષ-૬
અંક-૪

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૮
December
A.D. 2011

# આચાર્યપદારોહણના પાવન-પ્રસંગે મંગલ-આદેશ : સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીને જ્ઞાતાદૃષ્ટા થઈ જા !

({køkþh ðË ykX{Lkk hkus Ãkh{ Ãkqßÿ økwÁËuð©eLkwt ÃkwÁ»kkÚko«uhf «ð[Lk)

આજે કુંદકુંદ આચાર્યના આચાર્યપદારોહણનો દિવસ છે. કુંદકુંદ આચાર્ય મહારાજ એ વખતે જૈનશાસનના મોટા સૂર્ય હતા. આચાર્યપદની લાયકાત લઈને જ આવેલા, આચાર્યપદ કાંઈ કોઈનાં આપવાથી મળતું નથી પણ એવી લાયકાત હોય છે.

કુંદકુંદ આચાર્યનો એક શબ્દ 'सव्वसिद्धे' સવારમાં યાદ આવ્યો હતો. 'સર્વ સિદ્ધ' કહીને આચાર્યદેવ એમ કહે છે કે અનંત સર્વજ્ઞને હું મારા જ્ઞાનની પર્યાયમાં સ્થાપું છું અને શ્રોતાની પર્યાયમાં પણ અનંત સિદ્ધની સ્થાપના કરું છું.

જેણે જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞદેવને સ્થાપ્યા એ તો જાણનાર-દેખનાર જ રહે. તેને રાગનું કે પરનું કાર્ય કરવાનું કામ સોંપાય નહિ. સર્વજ્ઞપર્યાય જેના જ્ઞાનમાં બેઠી તે જીવ રાગનો કે પરના કાર્યનો કર્તા થતો જ નથી.

જ્ઞાનની પર્યાયમાં સિદ્ધને સ્થાપતાં તેનું લક્ષ જ્ઞાયક ઉપર જાય છે એટલે આચાર્યદેવ કહે છે કે તું સિદ્ધને પર્યાયમાં સ્થાપીને જ્ઞાતાદૃષ્ટા થા ! અમે સમયસારમાં એ જ તને કહેવા માંગીએ છીએ. જ્ઞાયકનું લક્ષ કરતાં તેમાં પાંચેય સમવાય આવી જાય છે. સર્વજ્ઞભગવાને જે પાંચ ભાવ એકસાથે જોયા છે તે પ્રમાણે જ પાંચેય સમવાય સાથે પ્રગટ થઈ જાય છે.

સર્વજ્ઞની પર્યાય જેના જ્ઞાનમાં બેઠી તેને એક સમયની પર્યાયમાં જ્ઞાતાપણાનો પુરુષાર્થ થાય છે, પોતે જ્ઞાનસ્વભાવ છે, બહારમાં દર્શનમોહકર્મના ઉદયનો અભાવ થાય છે, તે કાળે પ્રગટવાયોગ્ય પર્યાય પ્રગટે છે અને તે પ્રકારનો જ ભાવ છે. આ ઉપરથી સવારે એમ વિચાર આવ્યો કે સર્વજ્ઞના જ્ઞાનમાં તો બધી પર્યાય નિયત છે છતાં જે અનિયત માને છે તે સર્વજ્ઞને જ માનતા નથી. અનિયત માનનારા અલ્પજ્ઞને જ માને છે એવો અર્થ થયો. સર્વજ્ઞસ્વભાવ કે પર્યાયમાં સર્વજ્ઞપણું તે અનિયત માનનારાને બેસતું નથી.

અહીં કુંદકુંદ આચાર્ય મહારાજ કહે છે કે સાંભળનારના અને કહેનારના જ્ઞાનમાં અમે સર્વજ્ઞને સ્થાપીએ છીએ. અમે અંતરજ્ઞાનની દશામાં અનંત સર્વજ્ઞને સ્થાપ્યાં છે અને તમારા જ્ઞાનમાં પણ સર્વજ્ઞને સ્થાપીને વાત કરીએ છીએ એટલે આ વાણીમાં સર્વજ્ઞે જેવી જાણી છે, માની છે અને અનુભવી એવી જ વાત આવશે.

એક સર્વજ્ઞની સ્થાપના કહો કે અનંત સર્વજ્ઞની કહો બધું એક જ છે કેમ કે એક સર્વજ્ઞના જ્ઞાનની પર્યાયમાં અનંત સર્વજ્ઞ જણાય છે. આવા સર્વજ્ઞને જેણે પોતાના જ્ઞાનમાં સ્થાપ્યાં છે તેને હવે રાગનો કે નિમિત્તનો આદર ન હોઈ શકે. રાગ થાય તેનું જ્ઞાન હોય પણ આદર ન હોય.

જુઓ, અહીં 'વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે' એ વાત સિદ્ધ થઈ જાય છે. ચારે બાજુથી એક જ વસ્તુ સિદ્ધ થાય છે. કુંદકુંદ આચાર્યની કેવી ગજબ શૈલી છે ! કહે છે કે અમે તો અમારી દશામાં સર્વજ્ઞ સ્થાપ્યા છે હો! એટલે આ શાસ્ત્ર લખવાનો વિકલ્પ ઊઠ્યો છે તેના પણ અમે કર્તા નથી હો! સર્વજ્ઞ જેમ જ્ઞાતા છે તેમ અમે પણ જ્ઞાતા છીએ. સર્વજ્ઞના જ્ઞાનમાં બધું વ્યવસ્થિત છે, રાગનું કરવું કે નાશ કરવાપણું એ સર્વજ્ઞનું કાર્ય નથી તેમ અમારું પણ એ કાર્ય નથી.

ઓહો! કુંદકુંદ આચાર્યે માંગલિક કરીને ગજબની વાત કરી છે. પોતે ભગવાનતુલ્ય છે. શ્રોતાને કહે છે કે અમે તમારી પર્યાયમાં સર્વજ્ઞને સ્થાપ્યા છે માટે સર્વજ્ઞ જેમ રાગના કર્તા નથી તેમ તમે પણ રાગના કર્તા ન થાવ એમ અમે કહીશું. આ સાંભળવાનો જે વિકલ્પ આવે છે તેના પણ કર્તા ન થાઓ તો તમે સર્વજ્ઞને પર્યાયમાં સ્થાપ્યા કહેવાય.

સર્વજ્ઞ જગતના જાણનાર છે પણ જગતના કે રાગના માલિક નથી તેમ હે શ્રોતા! તું પણ જગતની વ્યવસ્થિત વ્યવસ્થાનો જાણનાર રહેજે, કર્તા થઈશ નહિ કારણ કે અમારે આખો આત્મા જ્ઞાયક છે એમ સિદ્ધ કરવું છે. જ્ઞાયકપણું સિદ્ધ કરતાં પર્યાયમાં જ્ઞાતા-દ્રષ્ટાપણું જ આવે છે, કર્તાપણું આવતું જ નથી અને એ જ્ઞાતાપણાના ભાવમાં પાંચેય સમવાય આવી જાય છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન થાય ત્યારે તે પ્રકારનો સ્વભાવ, તે પ્રકારનો પુરુષાર્થ, એ જ પ્રકારનું ભવિતવ્ય—ભાવ, તે જ પ્રકારનો કાળ અને દર્શનમોહકર્મના અભાવનું નિમિત્ત હોય એમ ભગવાનના જ્ઞાનમાં જેમ આવે છે તેમ જ જ્ઞાનીના જ્ઞાનમાં આવે ત્યારે જ તેણે સર્વજ્ઞભગવાનને પોતાની પર્યાયમાં સ્થાપ્યા છે એમ કહેવાય.

જેમ સર્વજ્ઞને જગતમાં કાંઈ ફેરફાર કરવાના ભાવ નથી તેમ સર્વજ્ઞને પોતાની

(જુઓ અનુસંધાન પેજ નંબર ૨૦ ઉપર)

# શુદ્ધાત્મ-દ્રવ્યને નમસ્કારનું સ્વરૂપ

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૨)

આ, શ્રી સમયસાર નાટક છે. તેમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનો ૪૧મો શ્લોક છે. इतः पदार्थ....ज्ञानमिहावतिष्ठते....। તેના ઉપર ૧૦૭મુ પદ્ય છે. તેમાં બનારસીદાસજીએ શુદ્ધાત્મદ્રવ્યને નમસ્કાર કર્યા છે. અનાદિથી આત્મા શુભાશુભરાગ અને સંયોગને જ નમ્યો છે એટલે કે તેનો આદર કર્યો છે તેથી તે દુઃખના પંથે છે. આત્મા તો નિર્ભય, આનંદમય છે તેને છોડી, શરીર, આબરૂ, પૈસા આદિને જ્ઞાનની દશામાં ભાવે છે તેથી દુઃખી છે. કષાય અગ્નિમાં સળગી રહ્યા છે.

શ્રોતા :—મંદ કષાય હોય તો!

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ પણ અગ્નિ છે, તેમાં જીવ સળગે છે. આનંદસ્વરૂપથી ઉલટા પુણ્ય-પાપના ભાવ અને સંકલ્પ-વિકલ્પથી જ જેનો જન્મ છે, તેમાં જ જીવન છે અને તેમાં જ મરણ છે. સંકલ્પ-વિકલ્પ પોતે દુઃખ છે, અજ્ઞાન છે, એ જીવ ભ્રમમાં પડેલો છે. તે સુખી કેમ હોય!

ભગવાન આત્મા તો અનાદિ-અનંત છે તેમાં તો જ્ઞાન-આનંદ, નિર્ભયતા આદિ ગુણો રહેલા છે, તેને છોડીને, આ જડ-અચેતન શરીર મળ્યું છે તે મારું, આ પુણ્ય-પાપના ભાવ થાય છે તે મારા એવો જે મિથ્યાભ્રમનો ભાવ છે તેનાથી જ અજ્ઞાની જન્મે છે, તેનાથી જીવે છે અને તેનાથી જ મરે છે. વિકારી પરિણામથી જીવનારા એ બધાં પ્રાણી દુઃખી છે કેમકે એ બધાં જીવો અજ્ઞાનની અને વિષય-કષાયની ઘાણીમાં પીલાય છે. જેને આત્મભગવાન નથી મળ્યો તે બધાં જીવો દુઃખી છે.

માટે, આચાર્યદેવ કહે છે કે ભાઈ! તારી મતિમાં આત્માને સ્થાપ! આત્મામાં મતિને સ્થાપ એમ નહિ પણ મતિમાં આત્માને સ્થાપ એમ કહ્યું કેમ કે અનાદિકાળથી જીવ શુભાશુભરાગની લાગણીઓ-વૃત્તિઓ તેમાં જ ઠર્યો છે એ સંસાર છે–એ દુઃખ છે–એ ઝેરના પીણાં છે. મતિમાં રાગને રાખ્યો તેથી દુઃખી થયો છે માટે કહે છે કે હવે તારી મતિમાં આત્માને રાખ ભાઈ! જે ત્રણ કાળ ત્રણ લોકમાં તારા સ્વરૂપમાં નથી એવા શરીર, આબરૂ, લક્ષ્મી, પુણ્ય, પાપ રાગભાવને તારી દશામાં રાખ્યા છે, ધાર્યા

છે એ તારી ભ્રમણાની મોટી ભૂલમાં તું ભૂલ્યો છો ભાઈ! માટે તું દુઃખી છો અને આવા ભાવના ફળમાં નરક-નિગોદમાં અવતાર થશે માટે હવે એકવાર મતિમાંથી આ બધાંને દૂર કરીને તારા આત્માને મતિમાં સ્થાપને પ્રભુ!

અહો! સંતોની કરૂણા અને તેમના હૃદયની વાત જેને સમજાય તેને જ સમજાય તેવી વાત છે.

ચોરાશીના અવતારમાં જીવ દુઃખી છે, એ પૈસાવાળા હો, રાજા હો કે દેવ હો બધાં દુઃખી છે, અવતારમાં રખડી રહ્યાં છે. ભ્રમમાં–મૂઢપણામાં પડ્યા છે. તેની મતિ મુંઝાઈ ગઈ છે. સત્ ચિદાનંદ સ્વરૂપ ચૈતન્ય આત્માની સન્મુખ એ જોતો પણ નથી, સન્મુખ આવતો નથી. આવા જીવો બધાં દુઃખી છે, રખડી રહ્યાં છે.

હવે જેને રખડવાનું ટાળવું હોય તેને માટે ઉપાય શું છે? તે ઉપાય અહીં કહે છે. જુઓ! ૧૦૭મુ પદ્ય જુઓ!

### શુદ્ધાત્મદ્રવ્યને નમસ્કાર

निरभै निराकुल निगम वेद निरभेद,
जाके परगासमैं जगत माइयतु है।
रूप रस गंध फास पुद्गलकौ विलास,
तासौं उदवास जाकौ जस गाइयतु है॥
विग्रहसौं विरत परिग्रहसौं न्यारौ सदा,
जामैं जोग निग्रह चिहन पाइयतु है।
सो है ग्यान परवांन चेतन निधान ताहि,
अविनासी ईस जानि सीस नाइयतु है॥१०७॥

અર્થ :—આત્મા નિર્ભય, આનંદમય, સર્વોત્કૃષ્ટ, જ્ઞાનરૂપ અને ભેદરહિત છે. તેના જ્ઞાનરૂપ પ્રકાશમાં ત્રણલોકનો સમાવેશ થાય છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ પુદ્‌ગલના ગુણ છે, તેનાથી તેનો મહિમા જુદો કહેવામાં આવ્યો છે. તેનું લક્ષણ શરીરથી ભિન્ન, પરિગ્રહથી ભિન્ન, મન-વચન-કાયાના યોગથી નિરાળું છે, તે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપિંડ છે, તેને અવિનાશી ઈશ્વર માનીને મસ્તક નમાવું છું.

આ દેહરૂપી દેવળ તો માટીનો પિંડ છે તેમાં અંદર ઝળહળતો દીવો–ચૈતન્યજ્યોતિ બિરાજે છે તે ભગવાન 'નિર્ભય' છે એટલે તેમાં ભય કે આકુળતાનો અભાવ છે તેને

ભૂલીને અરે! ક્યાં જશું! ક્યાં અવતાર થશે? ક્યાં જઈએ તો સગવડતા મળે! અગવડતા ઊભી થશે તો શું કરશું?....એવી એવી આકુળતાની અગ્નિમાં પોતે સળગી રહ્યો છે.

જેમ દેહ એક જડતત્ત્વ છે તેમ આત્મા પણ એક ચેતનતત્ત્વ છે. તે કેવું છે! એ બતાવે છે. ચેતનને તેં વિકલ્પવાળું તત્ત્વ માની લીધું છે પણ એ વિકલ્પવાળું તત્ત્વ નથી, શરીરવાળું એ તત્ત્વ નથી, દોષવાળું તે માન્યું છે એવું એ તત્ત્વ નથી. તને તત્ત્વની દૃષ્ટિની ખબર નથી. ઊંધી દૃષ્ટિએ રખડાઉં થઈને ચારગતિમાં રખડે છે પણ તે કાંઈ ચેતનનું સ્વરૂપ નથી. આકુળતા અને ભય સહિત જીવન જીવે છે પણ વસ્તુ તો નિર્ભય અને નિરાકુળસ્વરૂપ છે.

સત્ એટલે શાશ્વત જ્ઞાન અને આનંદ જેનું સ્વરૂપ છે એવી એ નિરાપદ ચીજ છે પણ તેની સામે એણે કદી જોયું નથી. ત્યાગી થયો, બાવો થયો, સાધુ થયો, ક્રિયાકાંડ કરીને મરી ગયો, પંચ મહાવ્રત પાળ્યા, દયા-દાન કર્યા પણ આનંદમય આત્માની સામે જોયું નહીં, આત્માને મતિમાં સ્થાપ્યો નહિ, મતિને તેમાં વાળી નહિ.

જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થાય છે તે સ્વસમય છે એમ બીજી ગાથામાં કહ્યું ને! પોતાની પવિત્ર દશામાં ઢળે તેનું નામ ધર્મ છે અને અપવિત્ર દશામાં રહે તે અધર્મમાં પડ્યો છે.

આત્મા નિગમ એટલે એવો સર્વોત્કૃષ્ટ છે કે સાધારણબુદ્ધિથી ગમ્ય થાય તેવો નથી. દયા-દાનભાવથી કે રાગથી જણાય એવી એ વસ્તુ નથી. વિકલ્પ તો પોતાની નપુંસકતા છે તેમાં બળ નથી. એ તો પામર-રાંક-ભિખારાપણું છે. તેનાથી આત્માને બળ ન મળે, તેનાથી આત્મા ગમ્ય ન થાય. નપુંસક એટલે હીઝડાનું દૃષ્ટાંત આપીએ છીએ ને! ઘણાં વર્ષો પહેલાં હીઝડા બહુ હતા એ બધાં ભેગા થઈને રાજાને કહે કે અમને તમે લશ્કરમાં રાખો અને જવાનો જેવો ભારે પગાર નહિ, ઓછા પગારમાં રહેશું....રાજા કહે તમારું કામ નહિ, અમારા લશ્કરના જવાનો જેવું તમે કામ ન કરી શકો. તોય હીઝડા કહે એકવાર અમને રાખીને જુઓ તો ખરા! એટલે રાજાએ એ બધાંને લશ્કરમાં રાખ્યા.

એ જમાનામાં રાજાને લડાઈ કરવી હોય તો રિવાજ એવો હતો કે સામેવાળા રાજાના ગામની ગાયો જંગલમાંથી ગામ તરફ જતી હોય તે ધણને પાછું વાળી લે એટલે પેલો રાજા સમજી જાય કે બીજો રાજા લડાઈ કરવા આવ્યો છે. આવું આ રાજાને બન્યું. એટલે બધા હીઝડાને લડવા મોકલ્યા. મોટા મોટા શરીર જોઈને પેલાં તો સામેનું

લશ્કર ડર્યું પણ જ્યાં નદી પાર કરતાં હીઝડા પોત-પોતાની ભાષા બોલ્યા ત્યાં તો સામેવાળા સમજી ગયા કે આ તો હીઝડા છે એટલે એકદમ જોરથી સામે આવ્યા ત્યાં તો બધાં હીઝડા ડરીને ભાગી ગયા અને રાજા પાસે પાછા આવ્યા કે સાહેબ! અમારું આ કામ નથી. અમે તો તમારા ગીતડા ગાઈએ અને ખીચડા ખાઈએ. લડાઈનું કામ અમારાથી નહિ થાય. એમ અહીં કહેવું છે કે આત્માના સ્વરૂપની પ્રાપ્તિમાં હીઝડા જેવા વિકલ્પોનું કામ નથી.

રાગની ઉત્પત્તિ કરે તે વીર્યને ભગવાન નપુંસક કહે છે. એ તો રાગ અને પુણ્યને રચે છે. સ્વરૂપની રચના કરે તે વીર્ય જ સાચું વીર્ય છે. લૌકિકમાં તો બે-પાંચ લાખ પેદા કરતો હોય તેને વીર્યવાળો કહે છે પણ તેને અહીં નપુંસક કહીએ છીએ. સિદ્ધાંતમાં લેખ છે કે રાગ નપુંસક છે, તેમાં પણ રાગ મારો સ્વભાવ છે એમ માને છે તે તો નપુંસકમાં પણ મોટો નપુંસક છે. પ્રવચનસારની ૯૪ ગાથામાં રાગને નપુંસક કહ્યો છે તેમ સમયસારમાં પણ એવો લેખ છે.

તારું સ્વરૂપ તો સત્‌ચિદાનંદસ્વરૂપ છે. તેને જ્યાં સુધી મતિમાં સ્થાપીશ નહીં અને મતિને તેમાં નહિ લઈ જા ત્યાં સુધી સંસારી–દુઃખી નપુંસક રહીશ. માટે મતિ જે દયા-દાન-વ્રત-ભક્તિમાં વળેલી છે તે મતિને આત્મામાં વાળવી! સ્વરૂપની રચનાનું કામ કરે તે જ વીર્યવાન છે. તેને જ પુરુષ કહેવામાં આવે છે. જેને રાગનો રસ છે તે બધાં નપુંસક છે. તેને તો રાગથી લાભ થાય એમ કહો તો ઠીક પડે...અનાદિનો આ રસ છે.

વેદ એટલે આત્માનું જ્ઞાનરૂપ છે. જેમ ખડી સફેદાઈથી ભરેલી છે, મીઠું ખારાશથી ભરેલું છે, અફીણ કડવા સ્વભાવથી ભરેલું છે તેમ ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવથી ભરેલો છે. જ્ઞાન જ આત્માનું રૂપ છે. શુભાશુભ વિકલ્પ એ આત્માનું રૂપ નથી પણ કુરૂપ છે. હોળીમાં કોલસાના રંગ બીજાને ચોપડે છે ને! તેમ અનાદિથી જીવને રાગ ને દ્વેષની રુચિ છે તે હોળીના કુરંગ છે, આકુળતાની હોળીમાં એ સળગે છે.

આત્મા निरभेद ભેદ રહિત છે–અભેદ છે. ભેદમાં પોતાનું જીવન માને છે તેને અભેદનો નિષેધ છે, નાસ્તિક છે. આ તો અધ્યાત્મની વાત સૂક્ષ્મ છે ભાઈ! ધર્મનું રૂપ જ ઝીણું છે. દયા-દાન-ભક્તિ અને બ્રહ્મચર્ય પાળો એટલે ધર્મ થઈ જાય–એવું ધર્મનું રૂપ નથી.

जाके परगासमैं जगत माइयतु है । જ્ઞાનમૂર્તિ પ્રભુમાં રાગથી લઈને આખું

લોકાલોક જણાય જાય એવું તેનું જ્ઞાનસ્વરૂપ છે. પરદ્રવ્ય એના નથી પણ એ પર અને સ્વનો પ્રકાશક છે માટે જગત તેમાં સમાય છે એમ કહ્યું છે. ચૈતન્યના પ્રકાશના તેજના સામર્થ્યમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય છે. જાણનાર જ્યોતનું સ્વરૂપ જ એવું છે એક સમયની દશામાં બધાંને જાણે. રાગથી લઈને કોઈ ચીજ એની નથી પણ એનો એ પ્રકાશક છે. છતાં જે પરચીજને મારી માને છે તેણે ભ્રમણામાં ભગવાનને ભાંગી નાખ્યો છે. સ્વરૂપથી વિરુદ્ધભાવમાં એ પડ્યો છે.

બનારસીદાસજીએ પણ જુઓને! કેવું લખ્યું છે! ગૃહસ્થાશ્રમમાં હતા. પેલાં તો ભોગના વિલાસી હતા, વ્યભિચારી હતા, શૃંગારી હતા પણ ગુંલાટ ખાઈ ગયા, આત્મભાન થતાં સત્ય ખ્યાલમાં આવી ગયું. પોતાના લખેલી શૃંગારી પુસ્તકોથી લોકો ઊંધા રસ્તે ચઢશે એમ જાણી પુસ્તકો ગોમતી નદીમાં નાખી દીધા. આત્માનો અનુભવ થયા પછી આ નાટક સમયસાર બનાવ્યું છે. આચાર્યોના કળશોની ટીકા હતી તેના ઉપરથી આ રચના પોતે કરી છે.

**रूप रस गंध कास पुद्‌गलको विलास....**સ્પર્શ, રસ, ગંધ, રૂપ એ બધાં પુદ્‌ગલના ગુણો છે તેને પોતાના માનવા એ તો ઝેરની રમતું છે. જેનાથી આત્મા રહિત છે તેનાથી સહિત માનવો એ તો ભ્રમ છે. આત્માનું સ્વરૂપ અને તેની મહિમા તો કાંઈ જુદી જ છે. એ તો મનાનીત, વચનાતીત, રૂપાતીત છે, તેની મહિમા જ કોઈ નિરાળી છે. ચૈતન્ય તો મહાપ્રભુ છે તેની મહિમા જ્ઞાનીઓ ગાય છે. અજ્ઞાનીએ મૂળ તત્ત્વને જાણ્યું નહિ અને પુણ્ય-પાપને મારા માનીને તેના ફળમાં ચોરાશીના અવતારમાં રખડીને દુઃખી-દુઃખી થઈ ગયા છે.

આત્મા **विग्रहसौं विरत...** શરીરથી રહિત છે. લોટામાં પાણી ભર્યું હોવા છતાં લોટો અને પાણી જુદા છે તેમ આત્મા શરીરમાં રહ્યો હોવા છતાં શરીર અને આત્મા જુદા છે. શરીર તો કાશીઘાટનો કળશો છે અને આત્મા ચૈતન્યરસસ્વરૂપ, શરીરથી ભિન્ન તત્ત્વ છે.

**परिग्रहसौं न्यारो सदा....** આઠ વર્ષના રાજકુમારને જ્યારે આત્મજ્ઞાન સહિત વૈરાગ્ય આવે છે ત્યારે માતા પાસે રજા માગે છે માતા! અમે દુઃખને અનંતકાળથી બહુ સાધ્યું. હવે અમારા આનંદના નાથને સાધવા અમારે વનમાં જવું છે. માતા! રજા દે! મરી ગયા પછી મડદાને સ્મશાનમાં લઈ જાય છે પણ અમારે તો જીવતાં અમારા આત્માને સાધવા સ્મશાનમાં જઈને આત્માને શોધવો છે, તેમાં રમવું છે.

એક મુમુક્ષુને જુવાન દીકરો મરવાની તૈયારી હતી, બૈરા કહે આ દીકરો જાય

છે....તો કહે જેની સ્થિતિ પૂરી થઈ ગઈ છે તે જાય છે તેને જાણે ને! જીવ તો જ્ઞાનાનંદ છે તેને જાણ ને! બીજું જાણવા ક્યાં રોકાય છે! એ ભાઈ જ્યારે પોતે છેલ્લી માંદગીમાં હતા ત્યારે પણ કહે કે આ રોગ મને જણાતો નથી, મને તો જાણનારો જણાય છે....એમ અહીં કહે છે કે પુદ્‌ગલને જાણવા જવાની જરૂર નથી. પોતાને જાણતાં એ તો જણાઈ જશે. તેને મારા માનવા રહેવા દે ભાઈ! સાચું જ્ઞાન કર્યું હશે તો ખરે ટાઈમે કામ આવશે. શરીરના રજકણે રજકણની દશા ભગવાન આત્માથી જુદી છે એમ જાણ!

ખરા દુઃખના સમયે તારી સમજણ કામ ન આવે તો તે શું કર્યું? દુઃખમાં પડ્યો રહ્યો!

શરીરથી અને પરિગ્રહથી રહિત જીવનું સ્વરૂપ છે. આ લાખો અને કરોડો રૂપિયા તો અજીવતત્ત્વ છે. આત્માથી ભિન્ન છે. અરૂપી ચૈતન્યઘન રૂપિયાથી જુદો છે છતાં જુદી ચીજને પોતાની માનવી તે દુઃખના પંથે દોરવાનો રસ્તો છે. અને મારા સ્વરૂપમાં ધન અને શરીર તો નહિ પણ રાગ અને નબળાઈ પણ મારા સ્વરૂપમાં નથી, હું તો જાણનાર-દેખનાર છું એવો અનુભવ કરે છે તે સમ્યગ્દૃષ્ટિ છે. બાકી પ્રતિક્રમણ અને પૌષધ કરી લેવાથી ધર્મ થઈ જતો નથી. ધર્મ થયો એ તો જન્મ-મરણનું ટળવું છે.

અરે! બે ચીજ જ જુદી છે એની અજ્ઞાનીને ખબર જ નથી. ભણી-ભણીને ડીગ્રીના પૂછડાં વળગાડે છે પણ પોતે કોણ છે એની તો ખબર નથી. અમેરિકામાં જઈને મોટા મોટા પગાર મેળવે અને મોટા ખર્ચા કરે કે પૈસા બચાવે તોપણ શું છે! એ બધી અગ્નિની જ્વાળા છે, અજ્ઞાનનો પ્રવાહ છે. અંદરમાં શીતળતાનો નાથ–શીતળનાથ ભગવાન બિરાજે છે એ જ અનંતનાથ છે. આવો ભગવાન આત્મા મન-વચન-કાયાના યોગોથી નિરાળો છે. યોગોથી રહિતપણું એ તેનું ચિહ્ન છે.

**सो है ग्यान परवान चेतन निधान.....** આવો ભગવાન આત્મા જ્ઞાનપિંડ–ચૈતન્યનું દળ છે તેને **अविनाशी ईस जानि सीस नाइयतु है ।** આ અવિનાશી ઈશ્વર હું જ છું એમ જાણીને હું ત્યાં ઢળી જાઉં છું. મસ્તક નમાવું છું એટલે કે મારી પર્યાય મારા દ્રવ્યસ્વભાવમાં ઢળી જાય છે. સમજાણું કાંઈ! આનું નામ ધર્મ છે. મંદિરનો ઘંટ વગાડવાથી ધર્મ નહિ થાય. અંદરમાં ઘંટ વગાડ કે હું તો જ્ઞાન-આનંદની મૂર્તિ છું. એમાં ઝણઝણાટ કર!

આમાં, ખૂબી શું કરી છે કે 'હું અવિનાશી ઈશ્વર છું', રાગ બદલાય છે, પર્યાય

બદલાય છે તે હું નહિ, અવિનાશી ઈશ તે હું—એમાં ઢળી જાઉં છું. મારા આવા સ્વભાવમાં મારી દશા ઢળેલી છે તેનું નામ 'નમન' કહેવામાં આવે છે. અનાદિથી રાગને નમન હતું–વિકારને મારા માનતો હતો. તેને અંતરનું ભાન કરીને પર્યાયને અંતરમાં વાળવી તેનું નામ આત્માનું જ્ઞાન અને આત્મદર્શન કહેવાય છે.

આ ૧૦૭મુ પદ્ય થયું. હવે ૪૨મો શ્લોક અને ૧૦૮મુ પદ્ય કહે છે. આહાહા! ભગવાન આત્માના સ્વભાવની શું મહિમા! પણ જેને વસ્તુની ખબર નથી તેને તો લાખ-બે લાખ દાનમાં આપે ત્યાં તો જાણે અમે શું કર્યું? એમ થઈ જાય છે. બીજાને વંચાવે કે જુઓ આ અમે આટલા પૈસા આમાં આપ્યા. અરે ભાઈ! એ પૈસા ક્યાં તારા હતા! પૈસા મારા હતા અને મેં આમાં આપ્યા એ માન્યતા જ મિથ્યાત્વનું મોટું પાપ છે. પૈસા આપવા, ન આપવા એ રાગ પોતે કરે છે પણ એ રાગની મંદતા પણ પોતાનું સ્વરૂપ નથી. પોતે તો શુદ્ધાત્મદ્રવ્ય અર્થાત્ પરમાત્મસ્વરૂપ છે એમ અહીં કહેશે.

'શુદ્ધ આત્મદ્રવ્ય અર્થાત્ પરમાત્માનું સ્વરૂપ'

जैसौ निरभेदरूप निहचै अतीत हुतौ,
तैसौ निरभेद अब भेद कौन कहैगौ।
दीसै कर्म रहित सहित सुख समाधान,
पायौ निजस्थान फिर बाहरि न बहैगौ॥
कबहूँ कदाचि अपनौ सुभाव त्यागि करि,
रागरस राचिकैं न परवस्तु गहैगौ।
अमलान ग्यान विद्यमान परगट भयौ,
याही भांति आगम अनंतकाल रहैगौ॥१०८॥

અર્થ :—પૂર્વે અર્થાત્ સંસારીદશામાં નિશ્ચયનયથી આત્મા જેવો અભેદરૂપ હતો તેવો પ્રગટ થઈ ગયો તે પરમાત્માને હવે ભેદરૂપ કોણ કહેશે? અર્થાત્ કોઈ નહિ કહે. જે કર્મરહિત અને સુખશાંતિ સહિત દેખાય છે તથા જેણે નિજસ્થાન અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ કરી છે તે બહાર અર્થાત્ જન્મ-મરણરૂપ સંસારમાં નહિ આવે. તે કદીપણ પોતાનો નિજસ્વભાવ છોડીને, રાગ-દ્વેષમાં લાગીને પરપદાર્થ, શરીર આદિને ગ્રહણ નહિ કરે, કારણ કે વર્તમાનમાં જે નિર્મળ પૂર્ણ જ્ઞાન પ્રગટ થયું છે, તે તો આગામી અનંતકાળ સુધી એવું જ રહેશે.

આહાહા! જેવો અભેદ હતો એવી જ અભેદદશા પ્રગટ થઈ! નિશ્ચયથી ત્રણેકાળ વસ્તુનું સ્વરૂપ એકરૂપ અભેદ છે. સંસારદશામાં પણ વસ્તુ અભેદસ્વરૂપ હતી તેની જ્યાં દૃષ્ટિ કરી, અભેદમાં સ્થિરતા કરી અને પર્યાયમાં અભેદપણું પ્રગટ કર્યું, હવે જરાય ભેદ ન રહ્યો. પૂર્ણપર્યાય પ્રગટ થઈ ગઈ–પર્યાયમાં પણ ભેદ ન રહ્યો. ગ્રહણ કરવાયોગ્ય ગ્રહણ થઈ ગયું અને છૂટવાયોગ્ય ભાવો છૂટી ગયા. આ વાત આગળ શ્લોકમાં આવશે.

**दीसै कर्म रहित, सहित सुख समाधान......**અજ્ઞાનમાં જીવને રાગ-દ્વેષ જ દેખાતાં હતા કે આ જ હું છું. હવે જ્યાં આત્માનું ભાન થયું ત્યાં સુખ અને સમાધાન દેખાવા લાગે છે. મારામાં તો અકષાય શાંતિ અને સમાધાન જ ભરેલા છે. પોતે તો જે છે તે જ છે પણ અનાદિથી પોતાના ઉપર નજર જ ગઈ નથી. નિધાનને નજરમાં લીધા નથી. હવે જ્યાં નજરમાં નિધાન આવી ગયું, તેમાં સ્થિરતા કરી તે તો પોતાના સ્થાનમાં આવી ગયો. હવે તે બહાર જન્મ-મરણરૂપ સંસારમાં ભ્રમણ નહિ કરે. હવે તેને રાગ મારો છે એવું મમત્વ નહિ થાય. જે પરિપૂર્ણ એવી મોક્ષદશાને પામી ગયા તે હવે નવા શરીરો ધારણ નહીં કરે–કોઈ પરવસ્તુને ગ્રહણ નહીં કરે.

**अमलान ग्यान....**નિર્મળ પૂર્ણ જ્ઞાન પ્રગટ થઈ ગયું. જેમ બીજ ઊગી અને પૂર્ણ ચંદ્રમા ખીલી ગયો તેમ અખંડાનંદ પૂર્ણ અભેદ છું એવી દૃષ્ટિરૂપી બીજ ઊગી અને તેમાં જ સ્થિરતારૂપ પૂર્ણદશા–મોક્ષ–નિર્મળ પૂર્ણજ્ઞાન પ્રગટ થઈ ગયું તે ભવિષ્યમાં અનંતકાળ એમ જ રહેશે. મુક્તદશા એવી ને એવી સદાય રહેશે. તેને હવે ફરી સંસારમાં અવતાર હોઈ શકે નહિ. આવા આત્માને જ્ઞાનીએ અનુભવમાં લીધો છે તેનું નામ ધર્મ છે.

વિશેષ કહેવાશે. *(ક્રમશઃ)*

❀

જે પર્યાય થવાવાળી છે તેને કરવું શું? અને જે નહિ થવાવાળી છે તેને પણ કરવું શું? એવો નિશ્ચય કરતાં જ કર્તૃત્વબુદ્ધિ તૂટીને સ્વભાવ-સન્મુખ થઈ જાય છે. સર્વજ્ઞ ત્રિકાળીને જાણનાર–દેખનાર છે એમ હું પણ ત્રિકાળીને જાણવા-દેખવાવાળો જ છું. એવા ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો નિશ્ચય કરવો એ જ સમ્યગ્દર્શન છે. **–પુરુષ્ૅાર્થપ્રેરણમૂર્તિ પૂજ્ય ગુરુસેવશ્રી**

## વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## વિભુત્વશક્તિ

(सर्वभावव्यापक-एकभावरूपा विभुत्वशक्तिः)

આત્માના અનંત ધર્મોમાં એક વિભુત્વ ધર્મ છે. જ્ઞાન, આનંદ, પ્રભુતા વગેરે જે અનંત ધર્મો છે, તે એકેક ધર્મ બીજા સર્વે ધર્મોમાં વ્યાપક છે. ધર્મ કહો, શક્તિ કહો, ગુણ કહો કે ભાવ કહો; એક જ્ઞાનભાવ બીજા અનંત ભાવોમાં વ્યાપક છે, એક આનંદભાવ બીજા અનંત ભાવોમાં વ્યાપક છે એટલે જ્ઞાનભાવથી જોતાં આખો આત્મા જ્ઞાનરૂપ દેખાય છે, આનંદભાવથી જોતાં આખો આત્મા આનંદરૂપ દેખાય છે.—આવું આત્માની વિભુત્વશક્તિનું કાર્ય છે.

વિભુ એટલે વ્યાપક; આત્મા વિભુ છે એટલે વ્યાપક છે; પણ કઈ રીતે? ક્ષેત્રથી આકાશમાં સર્વવ્યાપક એવો અહીં 'વિભુ'નો અર્થ નથી પણ ભાવથી પોતાની અનંત શક્તિઓમાં વ્યાપવારૂપ વિભુતા છે. આત્મા પોતે એક રહીને પોતાના અનંત ગુણ–પર્યાયોમાં સર્વવ્યાપક છે—એવી આશ્ચર્યકારી વિભુતા છે. આત્માની પ્રભુતા પણ મોટી ને આત્માની વિભુતા પણ મોટી; મોટી ખરી પણ તે પોતામાં જ સમાય, બહાર ન નીકળે. ક્ષેત્રથી મોટાઈ હોય તો જ આત્માની મોટાઈ ગણાય—એવું નથી. આત્માની મોટાઈ જ્ઞાનાદિ અનંત નિજશક્તિના ભાવથી છે.—જેના એક ગુણની એક પર્યાયનું એટલું મહાન સામર્થ્ય કે સમસ્ત લોકાલોકને જ્ઞેયપણે જાણી લ્યે.—જાણવામાં કોઈની મદદ નહિ ને એકથી બીજો સમય નહિ. આવા આશ્ચર્યકારી સામર્થ્યવાળા અનંત ગુણ–પર્યાયોમાં આત્મા એકસાથે વ્યાપેલો છે. એક ગુણમાં બીજો ગુણ ન વ્યાપે, એક પર્યાયમાં બીજી પર્યાય ન વ્યાપે પણ આત્મા અનંત ગુણ–પર્યાયોમાં એકસાથે વ્યાપે છે, એવી તેની વિભુતા છે. આત્માના અનુભવરસમાં બધા ગુણોનો ભેગો સ્વાદ એકરસપણે વેદાય છે.

વસ્તુ પોતાના ગુણ-પર્યાયમાં જ વ્યાપક હોય એટલે દ્રવ્યનું ને ગુણ-પર્યાયનું ક્ષેત્ર

જુદું જુદું નથી. એક ગુણ બીજા ગુણરૂપે થાય નહિ, છતાં ક્ષેત્ર તો બંનેનું એક જ છે, પ્રદેશો એક જ છે. જે જ્ઞાનના પ્રદેશો છે તે જ આનંદના પ્રદેશો છે; જ્યાં જ્ઞાન છે ત્યાં જ આનંદ છે ને તેની પર્યાય પણ ત્યાં જ તેટલા જ પ્રદેશમાં છે. ભલે ગુણ ત્રિકાળ ને પર્યાય ક્ષણિક, છતાં ક્ષેત્ર બંનેનું સરખું છે.

અસંખ્યપ્રદેશમાં અનંત ગુણ કેમ સમાયા?—કે ગુણોને પ્રદેશભેદ નથી, એક જ ક્ષેત્રમાં સર્વ ગુણો ભેગા રહેલા છે. આત્મામાં એક ઠેકાણે જ્ઞાન ને બીજા ઠેકાણે આનંદ–એવો ભેદ નથી. આત્મા પોતાના સર્વ પ્રદેશો વડે પોતાના અનંત ગુણોમાં જો એકસાથે ન વ્યાપે તો તેની અખંડ વિભુતા સિદ્ધ ન થાય.

અસંખ્યપ્રદેશમાં અનંત ગુણો કેમ સમાય?

—ભાઈ, અસંખ્યપ્રદેશમાં અનંતપ્રદેશવાળી વસ્તુ ન સમાય એ બરાબર પણ ગુણોમાં કાંઈ પ્રદેશથી અનંતપણું નથી, પ્રદેશો તો દરેક ગુણના અસંખ્યાત જ છે પણ ભાવસામર્થ્ય તેનામાં અનંતું છે; અસંખ્યપ્રદેશે એકરસપણે બધા અનંતગુણો ભેગા રહી શકે છે. જેમ એક હજાર ઔષધિ પીસીપીસીને એકરસ કરે ને પછી તેની તદ્દન નાની રાઈ જેવડી ગોળી બનાવે, તો તે નાનકડી ગોળીમાં પણ હજાર ઔષધિનો રસ ભર્યો છે, તેમ આત્માના અસંખ્યપ્રદેશમાં અનંત ગુણનો રસ છે જે સ્વાનુભવ વડે સ્વાદમાં આવે છે.

એક પ્રદેશનું ક્ષેત્ર બીજા પ્રદેશે પૂરું થઈ ગયું, પણ કાંઈ પૂરો નથી થઈ ગયો. ગુણ તો આત્માના સર્વ–અસંખ્યપ્રદેશમાં રહેલો છે. ભિન્ન-ભિન્ન અનંત ગુણના મળીને અનંત પ્રદેશો એકેક ચૈતન્યપ્રદેશમાં રહેલા છે પણ એક જ ગુણના સર્વ–અસંખ્યપ્રદેશો એક પ્રદેશે રહી ન શકે, કેમ કે આત્મામાં એટલો સંકોચ કદી થતો નથી. ગમે તેટલો સંકોચ થાય તો પણ અસંખ્યપ્રદેશ (લોકના અસંખ્યાતમા ભાગના અસંખ્યપ્રદેશ) તો તે રોકે જ અને ગમે તેટલો વિસ્તાર થાય તોપણ લોકપ્રમાણ અસંખ્યપ્રદેશ કરતાં વધુ વિસ્તાર કદી થાય નહિ.

અરે, પોતાની પ્રભુતાનું ક્ષેત્ર કેટલું, પોતાના ગુણોનું ક્ષેત્ર કેટલું તેનો પણ યથાર્થ વિચાર જીવે કદી કર્યો નથી; પોતાના નિજવૈભવને લક્ષમાં લીધો નથી. ભગવાન આત્મા નિજવૈભવને ભૂલ્યો તે નજર ક્યાં નાંખશે? તારા નિજવૈભવનું ક્ષેત્ર તારા અસંખ્યપ્રદેશ છે ને તેમાં જ તારો વાસ છે. વિભુનો વાસ ક્યાં છે?–કે પોતાના જ્ઞાનાદિ અનંત ગુણ–

પર્યાયોમાં વિભુનો વાસ છે. સ્વગુણ–પર્યાયમાં વસેલો આત્મા પોતે જ વિભુ છે. નિવાસનું ધામ અને તેમાં વસનારો એ બંને કાંઈ જુદા નથી. પોતાના ધર્મોમાં પોતે જ વસનારો છે. એકેક જીવના પ્રદેશોની લોકાકાશના પ્રદેશો જેટલી સંખ્યા છે. આકાશ તો પરક્ષેત્ર છે, જીવના અસંખ્ય પ્રદેશો–જે અનંત ગુણથી ભરેલા છે તેમાં જીવનો વાસ છે.

જીવ-અજીવથી ભરેલો જે આ લોક, તેના અસંખ્યપ્રદેશો, પણ તેમાં અનંતા જીવો ને અનંતાનંત પુદ્‌ગલો સમાઈ ગયા છે, પોતપોતાનો સ્વભાવ જુદો રાખીને લોકમાં એકસાથે રહેવામાં તેઓ એકબીજાને બાધા કરતા નથી.

આ ચૈતન્યરાજાનો અસંખ્યપ્રદેશી મહેલ છે, અનંત ગુણનો ખજાનો છે ને તેની નિર્મળપર્યાયોરૂપી પ્રજા છે—આવા નિજવૈભવમાં વ્યાપતો ભગવાન આત્મા પોતાની વિભુતાથી શોભે છે. આત્મા વિભુ થઈને પોતાના સર્વભાવોમાં વ્યાપે છે; અહીં ‘સર્વ ભાવો’ કહેતાં બધા નિર્મળ ભાવો લેવા, કેમ કે આ તો ‘જ્ઞાનમાત્રભાવ’ની સાથે પરિણમતા ધર્મોની વાત છે એટલે વિકારભાવો તેમાં ન આવે.

‘આત્મા લોકાલોકમાં સર્વવ્યાપક હોય તો જ તે મોટો કહેવાય’—એમ ક્ષેત્રની મોટાઈથી આત્માનું માહાત્મ્ય માનવું તે તો સ્થૂળ બુદ્ધિ છે. જ્ઞાનાદિભાવોની મહાનતાથી આત્માની મહત્તા છે; આત્માના ગુણો અનંત, તેનું સામર્થ્ય અનંત પણ તેનું ક્ષેત્ર કાંઈ અનંત નથી; અનંત ગુણોના ક્ષેત્ર કોઈ જુદા જુદા અનંત નથી. ‘વિભુ સૌમાં વસેલો છે’–એનો અર્થ કંઈ એવો નથી કે જડ-ચેતન બધામાં કોઈ ભગવાનનો વાસ છે પરંતુ ‘વિભુ’ એવો આત્મા, તે સૌમાં એટલે પોતાના સર્વે ગુણ-પર્યાયોમાં વસેલો છે–એ રીતે આ આત્મા–વિભુ સૌમાં વસેલો છે, એવી તેની વિભુત્વશક્તિ છે.

અહો! આ આત્મવિભુનો વૈભવ અદ્‌ભુત છે. ભગવાન સર્વજ્ઞદેવે ધર્મસભામાં આત્માનો જ વૈભવ દેખાડ્યો તે જ અહીં સંતો સ્વયં અનુભવીને દેખાડે છે. આત્માના આવા વૈભવની વાત જૈનમાં જ હોય, બીજે ન હોય. જુદા જુદા લક્ષણવાળા જ્ઞાન–આનંદાદિ અનંત ગુણો, એની સમય સમય બદલતી પર્યાયો, એના અસંખ્યપ્રદેશો ને એ બધામાં વ્યાપેલો એક આત્મા–એક સમયમાં આટલો વૈભવ એકેક આત્મામાં ભર્યો છે ને એવા આત્માઓ અનંત છે. ભાઈ, તારો મોટો વૈભવ એકેક આત્મામાં ભર્યો છે ને એને કોઈ લૂંટી શકે નહિ, તારી અબાધિત સીમામાં કોઈ પ્રવેશી શકે નહિ. આવા આત્મવૈભવને દ્રષ્ટિમાં લેતાં અનંત ગુણની નિર્મળપર્યાયો પ્રગટશે ને તેમાં

અભેદપણે તારો આત્મા વ્યાપી જશે. આનું નામ ધર્મ, ને આ જ મોક્ષમાર્ગ.

ભગવાન અરિહંતદેવે પોતામાં જેવી પૂર્ણ શક્તિઓ પ્રગટ કરી, એની અનંત શક્તિ દરેક આત્મામાં જોઈ ને દિવ્યધ્વનિ વડે જગતમાં પ્રસિદ્ધ કરી તેનું આ વર્ણન ચાલે છે. ભાઈ, જેવા અમે એવો જ તું આત્મા છો, મારી ને તારી શક્તિમાં જરાય ફેર નથી. એકેક ગુણમાં અનંત સામર્થ્ય ને એવા અનંતા ગુણ એવો આત્મવૈભવ છે. જ્ઞાન ને દર્શન, પ્રભુતા ને વિભુતા, સુખ અને જીવન—એવી અચિંત્ય પ્રભાવવાળી અનંત શક્તિઓ આત્મામાં છે ને તેનો અપાર મહિમા છે. આવા તારા વૈભવની કિંમત તો કર! રાગની ને પરની કિંમત કરે છે તેને બદલે આવા આત્મવૈભવની કિંમત કર. લોકો એક ઊંચા હીરાની પણ કેટલી કિંમત ટાંકે છે! ને તેને જોવાનું કેવું કુતૂહલ કરે છે! તો અનંતા કેવળજ્ઞાનરત્નો જેમાં ભરેલા છે એવો જ્ઞાનગુણ ને એવા અનંતા ગુણરત્નો જેમાં ભરેલાં છે એવો આ ચૈતન્યરત્નાકર—તેના મહિમાની શી વાત! એ તો તારામાં પોતામાં જ છે, એને જોવાનું તો કુતૂહલ કર! તેના ઉપર નજર કરતાં ત્યાં તારી નજર એવી ઠરશે....ને તને એવો આનંદ આવશે....કે જગતમાં બીજે ક્યાંય પછી તારી નજર નહીં ઠરે. તારામાં એવું પંડિતવીર્ય પ્રગટશે કે અખંડપણે મોક્ષને સાધે. અહો, આત્માના વૈભવની શી વાત!—જે તીર્થંકરપ્રભુએ સાધ્યો ને જગતને દેખાડ્યો.—એનું યથાર્થ શ્રવણ કરીને એકવાર આત્મા જો અંતરથી ઊછળી જાય તો તે વૈભવને પ્રાપ્ત કર્યા વગર રહે નહિ. સ્વદ્રવ્યના વૈભવ ઉપર દૃષ્ટિ જતાં અનંત ગુણોનું અંતર્મુખ પરિણમન થાય છે ને રાગ-દ્વેષરૂપ મલિન પરિણમન છૂટી જાય છે, કોઈ અપૂર્વ શાન્તિને આત્મા વેદે છે. પોતાના ગુણ-પર્યાયરૂપ વૈભવમાં વ્યાપીને આવી શાન્તિને વેદે તે જ ખરેખર આત્મા છે. તેમાં સામાન્ય-વિશેષ બંને ભેગા એકરૂપ છે.

સામાન્યનું અવલંબન કર્યું કોણે? એટલે કે ભૂતાર્થનો આશ્રય લીધો કોણે?—એ વિશેષ છે. જે પરિણામ સ્વમાં તન્મય થાય છે તે મોક્ષમાર્ગ છે; જે પરિણામ પર તરફ જાય છે તે સંસાર છે. શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં તેનું વિશેષરૂપ નિર્મળ પરિણમન થાય છે. 'भूयत्थस्सिदो खलु....' તેમાં આ જ સિદ્ધાન્ત છે. ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરનાર તો વર્તમાન પરિણામ છે. પરિણામીનો આશ્રય કાંઈ પરિણામી પોતે નથી કરતો (અર્થાત્ દ્રવ્ય-ગુણનો આશ્રય કરનારા કાંઈ દ્રવ્ય-ગુણ નથી), દ્રવ્ય-ગુણનો આશ્રય કરનાર તો પર્યાય છે. તે પર્યાય પોતે મોક્ષમાર્ગ છે. આવી પર્યાયસહિતનો આત્મા તે 'ધર્મીનો આત્મા' છે, વિકારવાળો આત્મા તે ખરેખર 'ધર્મીનો આત્મા' નથી.

ધર્મીનો આત્મા પરલક્ષી પરિણામમાં ભળતો નથી એટલે કે વિકારમાં ભળતો નથી, તેમાં તન્મય થતો નથી; એ આત્મા સ્વલક્ષી નિર્મળ પરિણામમાં ભળે છે, તેમાં તન્મય થાય છે. જે અલ્પ રાગાદિ વર્તે છે તેનો ધર્મીની દ્રષ્ટિમાં અભાવ છે ને તે દ્રષ્ટિથી જે નિર્મળ પરિણમન થયું તેમાં પણ તે રાગાદિનો અભાવ જ છે.

અહો! ચૈતન્યની ઋદ્ધિ અપાર છે, તે ઋદ્ધિનો મહિમા વાણીમાં પૂરો આવતો નથી. આવો ભગવાન આત્મા દેહમાં બિરાજે છે, તે પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપીને, પોતાની સ્વતંત્ર પ્રભુતાથી શોભાયમાન છે. પરમેશ્વરે આત્માની પરમેશ્વરતા બતાવી છે પણ આ પરમેશ્વર પોતે પોતાના પરમેશ્વરની સંભાળ લેતો નથી ને પામરતા માનીને પરિભ્રમણ કરી રહ્યો છે, તે ટાળીને પરમેશ્વર થવાની આ વાત છે.

આત્મા સ્વભાવથી આવો છે; પણ તેનામાં વાણી નથી કે પોતે પોતાનું સ્વરૂપ બોલે અને કોઈ વિરુદ્ધ માને તો ‘તમે માનો છો એવો હું નથી’—એમ કાંઈ આત્મા બોલે એવો નથી અને વિકલ્પ પણ એનામાં ક્યાં છે? એટલે વાણીથી કે વિકલ્પથી બીજાનું સમાધાન કરવાપણું રહેતું નથી. વાણી કે વિકલ્પ એ તો હું નથી, મારામાં તો વાણી કે વિકલ્પનો અભાવ છે એટલે ‘હું કંઈક બોલીને બીજાનું સમાધાન કરું’ એવી વૃત્તિનું ઉત્થાન પણ આત્માના સ્વરૂપમાં નથી. આમ, વાણી ને વિકલ્પ બધાથી ખસીને પોતે અંતર્મુખ થઈ પોતાના સ્વભાવને પકડીને જ્યાં વેદન કર્યું ત્યાં તે વેદનમાં આત્મા પોતાના ખરા સ્વરૂપે પ્રસિદ્ધ થયો, તેનું ખરું સ્વરૂપ અનુભવમાં આવ્યું કે તેનામાં વિકલ્પનો ને વાણીનો અભાવ છે. પોતાના અનંત ગુણની ચૈતન્યસંપદાના રસમાં પડેલો આત્મા વાણી ને વિકલ્પોથી પાર છે, તેને લક્ષમાં લેવો એ જગતને માટે નવીન છે; કેમ કે પૂર્વે કદી તે લક્ષમાં લીધું નથી. આમ તો અનંતા કેવળી–ભગવંતો–સંતો–સમ્યગ્દ્રષ્ટિઓ આવા આત્માનું વેદન કરી ચૂક્યા છે, વર્તમાનમાંય એવું વેદન કરનારા છે પણ પોતે એવું વેદન કરે ત્યારે પોતાના માટે તે નવીન છે. વાણી અને વિકલ્પ વગરના ને અનંત ગુણથી ભરપૂર એવા સ્વક્ષેત્રમાં, સ્વકાળમાં, સ્વભાવમાં ને સ્વદ્રવ્યમાં રહીને સંતોએ પોતાનાં કામ કર્યાં છે; પોતાના આવા સ્વરૂપથી આત્મા બહાર નીકળ્યો જ નથી, પછી બહારનાં કામ તે ક્યાંથી કરે? વિકલ્પ અને વાણીનું અસ્તિત્વ ભલે હો પણ તે ચૈતન્યવસ્તુથી બહાર છે; ચૈતન્યવસ્તુની એ ચીજ નથી ને ચૈતન્યવસ્તુનું એ કાર્ય નથી. ચૈતન્યની વિભુતા રાગમાં નથી વ્યાપતી, ચૈતન્યની વિભુતા તો નિર્મળ ગુણ-પર્યાયમાં વ્યાપે છે. ચૈતન્યના પટારામાં તો અનંત ગુણરત્નોનો ભંડાર છે, તે ભંડારને

ખોલતાં તેમાંથી રાગ કે વાણી ન નીકળે, એ ચૈતન્યભંડારમાંથી તો કેવળજ્ઞાન, પરમ આનંદ, વચનાતીત વિભુતા—એવા એવા અનંત રત્નો નીકળે. પ્રભુ! એકવાર તારા પટારા ખોલ ને નિજવૈભવને નીહાળ.

અરે જીવ! તારા વૈભવને ભૂલીને તું બહારમાં ક્યાં મોહ્યો? તારામાં જ પ્રભુતા તો ભરી છે ને! તારી પ્રભુતાને તેં માની નહિ ને કોઈક પાસેથી પ્રભુતા લેવા જતાં તને વિભાવનો વળગાળ વળગ્યો. તારા અનંત ગુણના નિધાનમાં તો ક્યાંય પરભાવ નથી, એમાં તો પરમેશ્વરતાનાં નિધાન છે; તેનું ભાન કરતાં પર્યાયમાંથી પરભાવ છૂટીને આત્મા પરમેશ્વર થાય છે. સમ્યગ્દર્શન થતાં જ 'હું પ્રભુ છું ને પામર નથી' એવી પ્રતીતિ થઈ, પૂર્ણ કૃતકૃત્ય જ છું–એવી દૃષ્ટિ થઈ; હવે અલ્પકાળે એવી પૂર્ણતા વ્યક્ત કરીને આત્મા સાક્ષાત્ પરમાત્મા થશે. આમ, પ્રભુતાની પ્રતીત વડે સમ્યગ્દર્શન થાય છે ને પ્રભુતા પ્રગટે છે. પ્રભુતા જેને ગમે નહિ એને પ્રભુતા ક્યાંથી પ્રગટશે?

પ્રભુ! તારા ધર્મનો ને તારી પ્રભુતાનો આ માર્ગ સૂક્ષ્મ છે પણ માર્ગ આ જ છે, બીજો માર્ગ નથી. તારામાં જ તારો ધર્મ સમાય છે. તારામાં જે હોય તેનાથી તારો ધર્મ થાય ને તારામાં જે નથી તેનાથી તારો ધર્મ ન થાય;–આવો, અનેકાંત પ્રકાશે છે. તારા સ્વભાવમાં જે ભર્યું છે તે રૂપે તું થા એટલે કે તે રૂપે તું પરિણમ તે તારો અસ્તિ–ધર્મ ને તારા સ્વભાવમાં જે નથી તે રૂપે (વિકારરૂપે) તું ન થા એ તારો નાસ્તિધર્મ;—આવો, અનેકાંતધર્મ તારામાં છે. ભાઈ, તારા અનેકાન્તસ્વભાવને સંતોએ પ્રસિદ્ધ કરીને બતાવ્યો છે. તારામાં સ્વભાવનો આવો વૈભવ છે તે સંતોએ સ્વાનુભવથી જોયો ને તને બતાવ્યો તો તું પણ તારા સ્વાનુભવથી તારા વૈભવને જાણ! સંતોએ જે બતાવ્યું તે તારામાં વિદ્યમાન જ છે; તારામાં જે છે તે જ સંતોએ બતાવ્યું છે.

આ સમયસારની શરૂઆતમાં જ કુંદકુંદાચાર્યદેવે આત્મામાં સિદ્ધપણું સ્થાપીને મંગળ કર્યું હતું કે 'હું સિદ્ધ ને તું સિદ્ધ'. મારામાં ને તારામાં બંનેમાં સિદ્ધને સ્થાપું છું; એટલે સિદ્ધપદ જેવા નિર્મળભાવોમાં વ્યાપે એવો આત્મા છે,—એવો આત્મા હું આ સમયસારમાં દેખાડીશ. તારી જ્ઞાનપર્યાયના આંગણે અનંતા સિદ્ધપ્રભુને પધરાવું છું ને વિકારને કાઢી નાખું છું. અંતર્મુખ થયેલી જ્ઞાનપર્યાયમાં એટલી તાકાત છે કે વિકારને કાઢી નાંખીને અનંતા સિદ્ધપ્રભુને પોતામાં સ્થાપે. આ રીતથી અનંત સિદ્ધોને તારા જ્ઞાનમાં આમંત્રણ આપ ને તું પણ તેવો થા. વિકારને તારા જ્ઞાનમાંથી કાઢી નાંખ ને

સિદ્ધપણું સ્થાપ એટલે કે સિદ્ધ જેવા સ્વભાવથી ભરેલો તારો આત્મા તેને જ્ઞાનમાં લઈને પર્યાયમાં તું તેવો થઈ જા.

વાહ! સિદ્ધપદના ટંકાર કરીને અપૂર્વ શરૂઆત કરી છે કે અમારા સમયસારનું શ્રવણ કરનારા શ્રોતાઓ પણ આવા હોય; એ રાગની રુચિવાળા ન હોય. એ તો અનંતા સિદ્ધ–મહેમાનોનો સત્કાર કરીને પોતાના આંગણે પધરાવે છે; અનંતા સિદ્ધ જ્યાં પધારે તે આંગણું કેટલું મોટું ને કેટલું ચોક્ખું? એ જ્ઞાનપર્યાયની તાકાત કેટલી કે જે અનંતસિદ્ધોને સ્વીકારે? રાગમાં અટકેલી પર્યાયમાં એવી તાકાત હોય નહિ. રાગ નહિ, વિકલ્પ નહીં, કર્મ નહીં, દેહ નહીં, અપૂર્ણતા નહીં, સિદ્ધ જેવો પૂર્ણ તાકાતવાળો હું છું એમ સ્વીકારીને સિદ્ધને પોતામાં સાથે રાખીને જે ઊપડ્યો તે જીવ સિદ્ધ પરિણતિને લીધા વગર પાછો નહિ ફરે.

અરે ભાઈ! આ તારું સ્વરૂપ સંતો તને પોકારી પોકારીને બતાવે છે, તે એકવાર નક્કી તો કર. જંગલમાં વસતા ને સ્વરૂપને અનુભવતા દિગમ્બર સંત, મોરપીંછી ને કમંડળ તે પણ જેને બાહ્ય છે, અંદર સિદ્ધસ્વરૂપને જ પોતામાં વસાવીને ધ્યાવી રહ્યા છે, તેમનું આ કથન છે, પરમ વીતરાગી, પરમ નિર્દોષ! અમે તો અંદર અમારા અનંત ગુણની નિર્મળતા પ્રગટ કરીને તેમાં સિદ્ધપ્રભુને બિરાજમાન કર્યા છે; રાગ નહિ, પરસંગ નહિ, અલ્પજ્ઞતા નહિ, અમે તો જ્ઞાન-આનંદથી પૂરા એવા સિદ્ધને અમારા આત્મામાં સ્થાપીને સિદ્ધ પ્રભુની પંક્તિમાં બેઠા....હવે સિદ્ધ થવા સિવાય બીજો કોઈ માર્ગ રહ્યો નથી. વિકારરૂપે થનારા અમે નહિ, અમે તો સિદ્ધ થનારા છીએ.

અહો! અમે અનંતા સિદ્ધને મારા ને તારા આત્મામાં સ્થાપ્યા; હે જીવ! અમારી પાસે તું 'શુદ્ધ આત્મા' સાંભળવા આવ્યો છો એટલે તું સત્‌નું એટલું તો બહુમાન લઈને આવ્યો છો કે તને સિદ્ધપણું ગમશે ને વિકાર નહિ ગમે. તેથી અમે તને તારું સિદ્ધપણું સંભળાવીએ છીએ ને તારો શુદ્ધાત્મા દેખાડીએ છીએ તે સાંભળીને તું તારા આત્મામાં સિદ્ધપણું સ્થાપ! તું શ્રોતા થઈને આવ્યો એનો અર્થ એ થયો કે અમે જે કહીએ છીએ તે તારે જાણવું છે—માનવું છે ને આદરવું છે. અમારી વાત તને ગોઠી એટલે તું સાંભળવા આવ્યો. હવે અમે સમસ્ત નિજવૈભવથી તને તારા આત્માનો વૈભવ બતાવીએ છીએ; અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સમાડી દે એટલે કે શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને તું પણ સિદ્ધ થા એવી તારા આત્મવૈભવની તાકાતની સામે જોઈને આવા તારા સામર્થ્યની હા

પાડ, તારું શ્રદ્ધા-જ્ઞાનરૂપી આંગણું ચોક્ખું કરીને તેમાં સિદ્ધપ્રભુને પધરાવ, પછી અમે તને સમયસાર સંભળાવીએ. તારી પ્રભુતાની હા પાડીને સમયસાર સાંભળ! એટલે જરૂર તને પણ અમારા જેવો સ્વાનુભવ થશે ને વક્તાના તથા શ્રોતાના ભાવની સંધિ થશે.

જે આંગણામાં પ્રભુને પધરાવવા (–અનુભવમાં લેવા) હોય તે આંગણું કેટલું ચોક્ખું જોઈએ! વિકારની રુચિ વડે જેનું આંગણું મલિન છે તે મલિન આંગણામાં પ્રભુ પધારે નહિ–અનુભવમાં આવે નહિ. એક સારો રાજા ઘરે આવે તોપણ તેનો કેટલો આદર કરે છે ને આંગણું ચોક્ખું કરીને કેવું શણગારે છે! તો હે ભાઈ! જગતના મહારાજા એવા સિદ્ધપ્રભુને તારા આત્મામાં પધરાવવા માટે તારી પર્યાયના આંગણાને નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન વડે તું શણગાર. હકારના જોરપૂર્વક જે સાંભળવા આવ્યો તેની પર્યાય રાગથી પાછી હઠીને અંતર તરફ વળવા લાગી. સંસારથી પાછી ફરીને સિદ્ધપદ તરફ જવા લાગી. અનંતા સિદ્ધને ને સર્વજ્ઞપદને મારા જ્ઞાનમાં-શ્રદ્ધામાં-અનુભવમાં સમાડી દઉં એવી મારી તાકાત છે—એમ સ્વભાવના ભરોસે હા પાડીને તે સ્વભાવને સાંભળે છે એટલે એના શ્રવણમાં ને એના ભાવમાં અપૂર્વતા છે.

જુઓ, આ પ્રભુતા! પ્રભુ પોતાના અનંત ગુણોમાં વ્યાપેલો વિભુ છે. તેની વિભુતાનો આ વિસ્તાર થાય છે. વિભુતામાં જ્ઞાન છે, વિભુતામાં વિકલ્પ નથી. વિકલ્પમાં કે વાણીમાં જ્ઞાન નથી, જ્ઞાનમાં વિકલ્પ કે વાણી નથી. જ્ઞાન સર્વને જાણવાના સામર્થ્યવાળું છે એ અપેક્ષાએ આત્માને સર્વવ્યાપક ભલે કહેવાય પણ ખરેખર તો તે સ્વ-વ્યાપક છે; રાગમાં તો વ્યાપતું નથી ત્યાં પરમાં વ્યાપવાની તો વાત જ કેવી?

સ્ત્રી કે બાળક, વૃદ્ધ કે યુવાન, મનુષ્ય કે દેવ, એ તો બધા ઉપરના ખોખાં છે, એનાથી ભિન્ન અંદર બધા આત્મા એક જાતના છે. બધાય આત્મા પોતપોતાના અનંત ગુણના વૈભવથી ભરેલા છે. આત્મા ક્યાં સ્ત્રી આદિ છે? એ તો ચૈતન્યગુણનો ભંડાર છે. અહો! આવું સ્વરૂપ લક્ષમાં લેનાર જ્ઞાનની કેટલી ગંભીરતા? આવી ગંભીરતામાં અનંત સર્વજ્ઞ–વીતરાગને સ્થાપ્યા છે. ભાઈ! તું બીજા વિચાર ન કર....સિદ્ધ જેવી તારી તાકાત છે તેમાં શંકા ન કર. બીજો વિકલ્પ વચ્ચે ન લાવ. ભગવાન કુંદકુંદસ્વામી જેમણે વિદેહની યાત્રા કરીને સીમંધર પરમાત્માના સાક્ષાત્ ભેટા કર્યા, તેઓ સ્વાનુભવના જોરથી પરમ સત્યને પ્રસિદ્ધ કરતાં ફરમાવે છે કે આત્માના નિજવૈભવમાં

સિદ્ધપણું છે, તે અમે ભગવાન પાસેથી સાંભળ્યું છે, પરમ ગુરુઓએ કૃપાપૂર્વક અમને બતાવ્યું છે ને અમારા સ્વાનુભવથી અમે જોયું છે, તે અમે તને આ સમયસારમાં દેખાડીએ છીએ. અહો! આમાં તો ઘણી ગંભીરતા છે, જે પર્યાયમાં રાગ વગરના અનંતા સર્વજ્ઞ–સિદ્ધોનો સ્વીકાર થયો તે પર્યાયની તાકાત કેટલી? તે પર્યાય શું રાગમાં ઊભી રહેશે?—નહિ; એ પર્યાય તો સ્વભાવસન્મુખ થઈને અનંતો આનંદ પ્રગટ કરશે, અનંત જ્ઞાનની તાકાત પ્રગટ કરશે, અનંત વીર્ય વડે પ્રભુતા પ્રગટાવશે, રાગ વગરનું અતીન્દ્રિય ચૈતન્યજીવન પ્રગટાવશે. વાહ રે વાહ! આ તો પ્રભુતાની પ્રાપ્તિનો અવસર આવ્યો. અરે જીવ! આવી પ્રભુતાના પ્રસંગે પામરતાને યાદ ન કરીશ; સિદ્ધની સાથે ગોષ્ઠી કરી....હવે સંસારને ભૂલી જજે; આત્મામાં સિદ્ધને સ્થાપ્યા તો હવે સિદ્ધ થતાં શી વાર! થોડો કાળ વચ્ચે છે પણ સિદ્ધપણાના પ્રસ્થાનાના જોરે (પ્રતીતના જોરે) સાધક તે અંતરને તોડી નાંખે છે ને જાણે અત્યારે જ હું સિદ્ધ છું એમ શુદ્ધદ્રષ્ટિથી દેખે છે. સિદ્ધનું પ્રસ્થાનું કર્યું ત્યાં જ રુચિમાંથી રાગ ભાગી ગયો. અરે, આઠ વર્ષના બાળક પણ જાગી ઊઠે ને અંતરમાં પોતાના આવા નિજવૈભવને દેખે કે ‘આવો હું!’ સિદ્ધ જેવા અનંતગુણના સામર્થ્યરૂપે તે પોતાને દેખે છે ને નિર્વિકલ્પ ધ્યાન વડે અનુભવે છે. અમે દેહમાં કે રાગમાં રહેનારા નહિ, અમે તો એક સમયમાં નિર્મળ ગુણ-પર્યાયોરૂપ જે અનંત ભાવો તેમાં રહેનારા છીએ. અમારો વાસ અમારા અનંત ગુણ-પર્યાયમાં છે; ‘અનંતધામ’માં વસનારો વિભુ અમારો આત્મા છે. અહા! પોતાના અંતરમાં જ આવો વિભુ વસી રહ્યો છે પણ નજરની આળસે જીવો એને દેખતા નથી.

બુદ્ધિને અંતરમાં વાળે તો તો પોતે પોતામાં નજર કરવી સહેલી છે; પણ કદી એવી નજર કરી નથી ને મોંઘી માનીને પરભાવમાં અટકી રહ્યો છે. પરભાવ સુગમ ને નિજભાવ કઠિન—એવી વિપરીતબુદ્ધિને લીધે જીવ સ્વવૈભવને દેખી શકતો નથી. એ વિપરીતતાની મર્યાદા કેટલી? એક સમયપૂરતી; અને તે પણ કાંઈ સ્વભાવમાં પેસી ગઈ નથી. જો દ્રઢતાથી ઊપડે કે મારે મારા આત્માને જ દેખવો જ છે ને સ્વવૈભવને સાધવો જ છે, તો પરભાવની રુચિ તોડીને સ્વભાવને અનુભવતાં વાર લાગે નહિ. અહા! આત્મસ્વભાવના વૈભવનો પથારો કેટલો? કે એકસાથે અનંત ગુણોમાં ને તે બધાની નિર્મળ પર્યાયોમાં ફેલાઈ જાય એટલો એનો વિસ્તાર છે પણ એ બહાર જઈને વિકારમાં ફેલાતો નથી. ચૈતન્યગુણના ફેલાવમાં વિકારનો અભાવ છે.

અરે! ચક્રવર્તીના આંગણે જઈને એની પાસે કોલસા ન મંગાય, એની પાસે તો

હીરા મંગાય; તેમ આ ચૈતન્યચક્રવર્તીની આંગણે નીકટભવ્ય થઈને આવ્યો તો એની પાસે રાગ ન મંગાય, એની પાસે તો કેવળજ્ઞાનાદિ અનંત ગુણ–રત્નો મંગાય. અહો, ચૈતન્યના વૈભવની શી વાત! ક્ષેત્ર ભલે મધ્યમ–મર્યાદિત પણ એના ભાવની તાકાત અચિન્ત્ય ને અમર્યાદિત છે. એક સમયમાં અનંતગુણનો જે અપાર વૈભવ પ્રગટ્યો તેમાં સર્વવ્યાપક થઈને પરિણમે છે એવી આત્માની વિભુતા છે. સમ્યગ્દર્શન થતાં આવા 'વિભુ'નો પોતામાં સાક્ષાત્કાર થાય છે, આત્મભાન થાય છે, પરમાત્મપણું પોતામાં દેખાય છે, સાક્ષાત્ પરમાત્મા થવાની તાલાવેલી જાગે છે એટલે કે પરિણતિનો પ્રવાહ તે તરફ વહે છે. (—સ્વરૂપ ભણી દોડે પરિણતિ.)

જેમ ચાર હાથની નાની ઓરડી (ઓફિસ)માં પણ કરોડો–અબજોનો વેપાર ચાલતો હોય, તેમ પરમાત્માની પેઢી (ઓફિસ) ભલે નાની અસંખ્યપ્રદેશી શરીર જેવડી પણ તેમાં અનંતા ગુણોની નિર્મળતાનો મોટો વેપાર ચાલી રહ્યો છે. સર્વજ્ઞદેવે શાસ્ત્રોમાં જે કહ્યું તેના શબ્દો ભલે થોડા પણ તેમાં આત્માના અચિંત્ય વૈભવના જે અનંત ગંભીર ભાવો ભર્યાં છે તેને સમ્યગ્દષ્ટિ જ જાણે છે. એ રીતે પોતાની વિભુતાને જાણતો તે નિર્મળ ભાવોમાં વ્યાપીને સાક્ષાત્ વિભુતા પ્રગટ કરે છે.

આ રીતે વિભુત્વશક્તિનું વર્ણન પૂરું થયું. *(ક્રમશઃ)*

---

(સિદ્ધોને તારી પર્યાયમાં..... અનુસંધાન પેજ નંબર ૨થી ચાલુ)

પર્યાયમાં સ્થાપનારને પણ કાંઈ ફેરફાર કરવાની બુદ્ધિ ન હોય. જ્ઞાતા-દ્રષ્ટા થઈને જે પુરુષાર્થ થાય છે તેને જાણે તેમાં પાંચેય સમવાય આવી જાય છે. એ પાંચમાં પુરુષાર્થ પણ અંદર આવી જાય છે.

આત્મા 'જ્ઞ' સ્વભાવી છે. એટલે કે 'સર્વજ્ઞસ્વભાવી' છે. જેણે પ્રગટ સર્વજ્ઞને પોતાની પર્યાયમાં સ્થાપ્યા તે પોતે સર્વજ્ઞ થશે. તેને સાધકદશા પ્રગટ થઈ છે, હવે સિદ્ધ થયે જ છૂટકો. તેને હવે કરવાનું કાંઈ રહ્યું નથી. સર્વજ્ઞ સ્વભાવનું લક્ષ રહ્યા કરે છે તેના લક્ષે જ્ઞસ્વભાવની પર્યાયમાં વૃદ્ધિ અને રાગ ઘટતાં ઘટતાં અંતે પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ થઈ જાય છે.


સાધકને વિકલ્પ છે ને?—વિકલ્પ છે પણ સાધક તેના જાણનાર છે, કરનાર નથી. સર્વજ્ઞ સર્વના જાણનાર છે અને સાધક તેની પ્રગટેલી શક્તિ અનુસાર જાણનાર જ છે, કર્તા નથી. આનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. લ્યો! આ કુંદકુંદ આચાર્યની આચાર્યપદવી નિમિત્તે આટલું માંગલિક આવ્યું.

*



**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ પ્રેરિત**
**શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવકમંડળ આયોજિત**

# વચનામૃત વર્ષ



**સૌજન્ય : શ્રીમતી લાભુબેન ચીમનલાલ મોદી પરિવાર હ. હિનાબેન-વિજયભાઈ તથા પારસ**

## પ્રશ્નપત્ર ક્રમાંક—૧૦ (કુલ માર્ક્સ-૫૦)

**(અભ્યાસક્રમ : (૧) ગુરુદેવશ્રીના વચનામૃત ક્રમાંક ૨૩૩ થી ૨૬૦,**
**(૨) બહેનશ્રીના વચનામૃત ક્રમાંક ૩૪૩ થી ૩૮૬**

પરીક્ષાર્થીનું નામ : .......................................... ગામનું નામ : ......................

મંડળનું નામ : ................................................ ઉંમર : ......................

ફોન નં.: .................................................... તા. -૧૧-૨૦૧૧

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
**(૨) પ્રશ્નોના ઉત્તર વચનામૃતના આધારે આપવા જરૂરી છે.**

**પ્રશ્ન : ૧ (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (ગુરુદેવશ્રીનાં વચનામૃત) **(૯)**

(૧) આ ભવ છોડીને પરલોકમાં જવા માટે કેવું ભાતું લઈ જવું. વિગતે ચર્ચો. (બોલ નં. ૨૩૭)

(૨) "ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા આખો નિરોગી છે" કઈ રીતે ? સમજાવો. (બોલ નં. ૨૪૬)

(૩) "કોઈના આશીર્વાદથી કોઈનું ભલું થતું નથી" તો ભગવાનની ભક્તિ કરતાં કેવા ભાવ કરવા? વિગતે ચર્ચો. (બોલ નં. ૨૫૪)

**(બ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (બહેનશ્રીનાં વચનામૃત) **(૯)**

(૧) "જીવોને જ્ઞાન ને ક્રિયાના સ્વરૂપની ખબર નથી." તેથી તેઓ શું માને છે? તે માન્યતા કઈ રીતે મટે? (બોલ નં. ૩૫૦)

(૨) પરમપારિણામિકભાવનો જ આશ્રય કરવાનું શા માટે કહ્યું છે? તેના આશ્રયથી શું થાય? (બોલ નં. ૩૫૩)

(૩) "સાધકની દશા એકસાથે ત્રણ વિશેષતાવાળી છે" સમજાવો. (બોલ નં. ૩૭૮)

**પ્રશ્ન : ૨ (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)** (ગુરુદેવશ્રીનાં વચનામૃત) **(૩)**

(૧) "જેને જેની રુચિ હોય તે તેની વારંવાર ભાવના ભાવે છે." તેનાથી શું થાય છે? (બોલ નં. ૨૩૬)

(૨) કોને સૂર્ય ઊગવા છતાં અંધકાર છે? અને આંખ હોવા છતાં કોણ આંધળો છે? (બોલ નં. ૨૪૨)

(૩) સૌથી મોટું પાપ કયું છે? તે કઈ રીતે મટે ? (બોલ નં. ૨૪૪)

**(બ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)** (બહેનશ્રીનાં વચનામૃત) **(૩)**

(૧) ચક્રવર્તી, બળદેવ અને તીર્થંકર જેવા પુણ્યશાળી પુરુષો શા માટે જિનદીક્ષા લઈ વનમાં ગયા? સ્પષ્ટ કરો. (બોલ નં. ૩૪૯)

(૨) પૂજ્ય ગુરુદેવશ્રીએ યુક્તિન્યાયથી શું સ્પષ્ટ કર્યું છે? તેમનો મહિમા શું છે? (બોલ નં. ૩૫૪)

(૩) ‘‘અનંત ગુણનિધાનને રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી.’’ સ્પષ્ટ સમજાવો. (બોલ નં. ૩૮૪)

**પ્રશ્ન : ૩ (અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૬)**

(૧) ‘‘શુદ્ધ પરિણામ તે આત્માનો ધર્મ છે.’’ તેમાં શું આવી જાય છે? શું આવતું નથી?
(૨) જેને નિજ શુદ્ધાત્મદ્રવ્યનો સ્વીકાર થયો છે તેને હવે કેવી શંકા થતી નથી? શા માટે?
(૩) આત્માની વાત પૂર્વે અનંતવાર સાંભળી છતાં શ્રવણનું ફળ કેમ ન મળ્યું?
(૪) નરકાદિના દુઃખોનું વર્ણન શા માટે કરવામાં આવે છે? શા માટે નહીં?
(૫) નીતિ શાના સમાન છે? અને ધર્મ શાના સમાન છે? કોના વિના કોણ શોભતું નથી?
(૬) ભરત ચક્રવર્તી આદિને શાનું ભાન હતું ? છતાં લડાઈ વગેરેના ભાવો કેમ આવતા હતા?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૬)**

(૧) અનંત જીવો શું કરી સિદ્ધ થયા? માટે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો શું કરવું?
(૨) પૂજ્ય ગુરુદેવશ્રીએ સેંકડો વર્ષોમાં ન થયું હોય તેવું શું કર્યું છે?
(૩) મહામુનિઓ દ્રવ્યે પોતાને ભગવાન માનતા હોવા છતાં પર્યાયે પોતાને કેવા માને છે?
(૪) જેમ અજ્ઞાનીને ‘શરીર તે જ હું’ એમ સહજ રહ્યા કરે છે.
તેમ જ્ઞાનીને સહજ શું વર્ત્યા કરે છે?
(૫) જિનેન્દ્ર ભગવાનની વાણી દ્વારા ઘણા જીવો માર્ગ પામે છે શા માટે?
(૬) શું માર્ગ દેખાડતું નથી? શું માર્ગ દેખાડે છે? શા માટે?

**પ્રશ્ન : ૪ (અ) નીચેના દરેક પ્રશ્નના માત્ર એક વાક્યમાં ઉત્તર આપો. (૬)**

૧. કેવો અને કોનો હરખ લાવવાથી સિદ્ધપદની પ્રાપ્તિ થશે?
૨. આત્મપિપાસુને પર્યાયે-પર્યાયે આત્મામાંથી શું મળે છે?
૩. ધર્માત્માઓ પ્રત્યે દાન તેમજ બહુમાનનો ભાવ આવે તેનાથી શું ઘુંટાય છે?
૪. મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકમાં શું છે?
૫. પુરુષાર્થ ક્યારે સહજ લાગે ? અને ક્યારે કઠણ લાગે?
૬. શું ઉત્તરોત્તર દુર્લભ છે?

**(બ) દરેક પ્રશ્નના ઉત્તર માત્ર એક શબ્દમાં આપો. (૪)**

(૧) શાની વાત સાંભળતાં મિથ્યાત્વના હાંજા ગગડી જાય છે?
(૨) નિજાત્માનો મહિમા આવતાં કોનો મહિમા આવી જાય છે?
(૩) જિજ્ઞાસુને પ્રથમ ભૂમિકામાં શું હોય છે ?
(૪) જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઉધઈ લાગતી નથી
તેમ જ્ઞાયકસ્વભાવમાં શું આવતું નથી?

**(ક) ખાલી જગ્યા પૂરો. (૪)**

(૧) જ્ઞાનીને ..................... જણાય છે ને .................. પણ છે.
(૨) જ્ઞાનગુણને પ્રધાન કરીને આત્માને.............. કહેવાય છે. જ્ઞાનગુણ પોતે ............. છે.
(૩) ..................... તે જ સાધકનું લક્ષણ ગણાય છે.
(૪) ..................... આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરેલા ચૈતન્ય મહેલમાં નિવાસ કરે છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી ૮-૪૦ | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી અષ્ટપ્રાભૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન' સમારોહ

પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના 'આચાર્યપદવી દિન'નો બે દિવસનો ઉત્સવ માગશર વદ-૭ તા. ૧૭-૧૨-૧૧ શનિવારથી માગશર વદ ૮ તા. ૮-૧૨-૧૧ રવિવાર, ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિશેષ પૂજન-ભક્તિના કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે. તો બધા મુમુક્ષુઓને સુવર્ણપુરી સોનગઢ પધારવાનું હાર્દિક નિમંત્રણ છે.

### ❀ અગિયારમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર ❀

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવનાયોગે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં અગિયારમી બાલ સંસ્કાર શિબિર તા. ૨૬-૧૨-૧૧ સોમવારથી તા. ૩૧-૧૨-૧૧ શનિવાર સુધી શ્રીમતી ચંચળબેન પ્રેમચંદભાઈ ભાયાણી હસ્તે વાસંતીબેન ગુણવંતરાય ભાયાણી, દાદર-મુંબઈના સૌજન્યથી આયોજિત થઈ રહી છે તેથી સર્વે મુમુક્ષુઓને નિવેદન છે કે તેઓ પોતાના બાળકોને લઈને શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે.

બાલસંસ્કાર શિબિરાર્થી બાળકો તથા યુવકોને જાણ કરવામાં આવે છે કે દરેક વર્ષની જેમ આ વર્ષે પણ શિબિરમાં રાત્રિના સમયે ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, તો તેમાં ભાગ લેવા ઇચ્છનારા શિબિરાર્થીઓ યથાયોગ્ય તૈયારી સાથે શિબિરમાં આવે.

**સમ્યક્ત્વજયંતી મહોત્સવ – મંગલ પત્રિકા લેખન**

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૦મો રત્નચિંતામણિ સમ્યક્ત્વજયંતી મહોત્સવ જે વઢવાણનિવાસી શ્રી રમણિકલાલ લાલચંદ દોશી પરિવાર હસ્તે શ્રીમતી સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી, ઘાટકોપર તરફથી ઉજવવામાં આવનાર છે. તે મહોત્સવની મંગલ પત્રિકા લેખનવિધિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧૨-૨-૨૦૧૨ રવિવારના રોજ રાખવામાં આવેલ છે.

**શ્રી જૈન સ્વાધ્યાયમંદિર ઉદ્‌ઘાટન તથા તેમાં પ્રતિષ્ઠિત પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો હીરકજયંતી મહોત્સવ**

પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં સર્વપ્રથમ નિર્માપિત આયતન શ્રી જૈન સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટન તથા તેમાં પરમાગમશ્રી સમયસારની સ્થાપનાની ૭૫મી હીરકજંયતી વૈશાખ વદ આઠમ તા. ૧૩-૫-૨૦૧૨ રવિવારે છે. તેનો ત્રિદિવસીય મહોત્સવ તા. ૧૧-૫-૨૦૧૨ શુક્રવારથી તા. ૧૩-૫-૨૦૧૨ રવિવાર સુધી શ્રી સુવર્ણપુરી તીર્થ વિધાન તથા અધ્યાત્મજ્ઞાનોપાસનનાના વિવિધ કાર્યક્રમ સહ મનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તો સર્વે મુમુક્ષુઓને ઉત્સવનો લાભ લેવા સુવર્ણપુરી પધારવાનું હાર્દિક નિમંત્રણ છે.

## વૈરાગ્ય સમાચાર :–

સોનગઢનિવાસી સ્વ. બ્ર. ગુલાબચંદભાઈના ભાભી મંજુલાબેન મનસુખલાલ અજમેરા (વર્ષ–૭૫) તા. ૧૩-૯-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૧૦ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.

વાંકાનેરનિવાસી (હાલ–બેંગલોર) શ્રી મહેન્દ્રભાઈ હેમતલાલ શેઠ (વર્ષ-૭૦) તા. ૩૧-૧૦-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની ઊંડી રુચિ હતી.

વાંકાનેરનિવાસી શ્રી વૃજકુંવરબેન મગનલાલ મહેતા (વર્ષ–૧૦૨) તા. ૮-૧૧-૧૧ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે પૂજ્ય ગુરુદેવશ્રી સાથે તીર્થયાત્રાનો તેમજ પંચકલ્યાણકોનો ઘણો લાભ લીધો હતો. સાધર્મીઓ પ્રતિ ખૂબ વાત્સલ્યભાવ ધરાવતા હતા.

નાઈરોબીનિવાસી સ્વ. શ્રી જેઠાલાલ દેવરાજ શાહના ધર્મપત્ની શ્રી અમૃતબેન (વર્ષ–૮૬) તા. ૧૬-૧૧-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ધ્રાંગધ્રાનિવાસી (હાલ ઘાટકોપર) શ્રી રમેશભાઈ જયંતીલાલ પારેખ (વર્ષ–૫૬) તા. ૧૮-૧૧-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘાટકોપરની બધી જ ધાર્મિક પ્રવૃત્તિઓમાં રુચિપૂર્વક લાભ લેતા હતા.

થાનગઢનિવાસી સ્વ. કાંતિલાલ દેવશીભાઈ દોશીના સુપુત્ર શ્રી નટુભાઈ (–ઉદયભાઈ) (વર્ષ–૬૭) તા. ૨૨-૧૧-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ અભ્યાસકાળ દરમ્યાન જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢમાં રહીને નાનપણથી જ પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

ઘાટકોપરનિવાસી પ્રફુલ્લાબેન રજનીકાંત મહેતા (તે સ્વ. મગનલાલ સુંદરજી મહેતાના પુત્રવધુ) (વર્ષ-૭૦) તા. ૮-૧૧-૨૦૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વર્ષો સુધી સોનગઢ વારંવાર આવતા રહીને તત્ત્વનો ઘણો લાભ લીધો હતો.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ બાળકો! જુઓ ભાઈ! હું તમને બાળક માનતો નથી, ભગવાન સ્વરૂપ માનું છું. આત્મા તો ભગવાન સ્વરૂપ છે, બાળક આદિ તો શરીરની અવસ્થા છે ને રાગ થાય છે તે ક્ષણિક વિકારી અવસ્થા છે, તેની પાછળ શક્તિમાં ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપે બિરાજે છે. અંદરમાં પૂર્ણાનંદનો નાથ ભગવાન સ્વરૂપે બિરાજે છે. તેનું ધ્યાન કરતાં પર્યાયમાં ભગવાન પ્રગટ થાય છે. પ્રાપ્યની પ્રાપ્તિ હોય છે. આવા ચૈતન્ય ભગવાનનું સ્વરૂપ સાંભળતાં સાંભળતાં એની રુચિમાં સત્‌ના સંસ્કાર પડતા જાય છે ને પછી તે સંસ્કાર વધતાં વધતાં બહાર આવશે. જેમ માટીના કોરા ઘડામાં પાણીના ટીપાં પડે છે તે પહેલાં દેખાય નહિ પણ વધુ પડતાં પડતાં ઘડામાં પાણી બહાર દેખાય છે તેમ. ૫૯૩.

(બાળકો પ્રતિ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉદ્‌ગારો)

❀ આહાહા! પર્યાયદૃષ્ટિવાળો ક્યાં જશે? સંયોગમાંથી તેને છૂટવું ગમતું નથી તેથી કીડી, કાગડા, કંથવા, નરકાદિ ગતિઓના સંયોગમાં ચાલ્યો જશે. સ્વભાવદૃષ્ટિવાળાને સંયોગ રુચતો નથી તેથી સર્વ સંગથી છૂટીને મુક્ત થઈ જશે. ૫૯૪.

❀ અપના પરમેશ્વરકા જીવકો માહાત્મ્ય આતા નહીં. થોડા મંદ કષાય હો જાય ઉસકા માહાત્મ્ય આતા હૈ, થોડા શાસ્ત્રકા જ્ઞાન હો જાય તો ઉસકો લગતા હૈ મૈં બહોત જાનતા હૂં, થોડી ભેદવાળી શ્રદ્ધા હો જાય તો ઉસકો લગતા હૈ મેરી શ્રદ્ધા પક્કી હો ગઈ હૈ. અરે ભાઈ! યે પરલક્ષી જ્ઞાનાદિકી કુછ મહિમા નહિ હૈ. ઉસકી મહિમા સ્વભાવકી મહિમાકી દૃષ્ટિકો રોકતી હૈ. ૫૯૮.


આત્મધર્મ (ગુજરાતી) દરેક મહિનાની ૧૫મી તારીખે તથા આત્મધર્મ (હિન્દી) દરેક મહિનાની ૧૦મી તારીખે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. આ બંને માસિકની PDF ટ્રસ્ટની વેબસાઈટ ઉપર (www.kanjiswami.org) મુકવામાં આવે છે. આથી અમેરિકા, લંડન, નાયરોબી વગેરે ફોરેનના ગ્રાહકોને વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી લેવા વિનંતી છે. ડિસેમ્બર માસથી આત્મધર્મ પોસ્ટ કરવામાં આવશે નહીં. ફોરેનના કોઈપણ ગ્રાહકે પોસ્ટથી મંગાવવાનું ચાલુ રાખવું હોય તો જાણ કરવા વિનંતી છે.

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૧૧
અંક-૪ ✻ વર્ષ-૬

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂ. ૯/- આજીવન લવાજમ રૂ. ૧૦૧/-

## ❀ વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય કર ! ❀

વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય કરે કે રાગથી નહીં, નિમિત્તથી નહીં, ખંડખંડ જ્ઞાનથી નહીં, ગુણ–ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી–એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાખે! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે. ભલે સ્વસન્મુખ વળવું હજી બાકી છે......વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહીં એમ તો પહેલાં દ્રઢ કરે! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે, વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને સ્થૂળ કર્તૃત્વ છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્‌રૂપે થાય છે.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

❀

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org